eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 113
August 03, 2007

## આકારણી અને વસૂલાત વિભાગ સાઉથ ઈસ્ટ ઝોન લિંબાયત



તા.૨૫/૦૭/૦૭ બુધવારના રોન સવારે ૧૧:૦૦ કલાકે વઘદગચબો પ્રોજેક્ટ હેઠળ સુરત મહાનગર સેવાસદન દ્વારા કેટલાક રીફોમ્સ કરવાના છે તે પૈકી સુરત શહેરના કરદાતાઓને મિલ્કતવેરા – શિક્ષણ ઉપકર બાબત માર્ગદર્શન અને શિક્ષણ આપવા અંગેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલું. આ કાર્યક્રમ હેઠળ આકારણી અને વેરા વસૂલાત અંગે નીચે જણાવેલ મુદ્દાઓની સ્પષ્ટતા તેમજ સમજ આપવામાં આવેલી.

વધુ માટે કલીક કરો >>>>>>

## અય મેરે પ્યારે વતન, અય મેરે બિછડે ચમન તુઝપે દિલ કુરબાં,................

સુરત મહાનગ સેવાસદન તરફથી કારગીલ વિજય દિન નિમિત્તે તા.૨૬ મી જુલાઈ, ૨૦૦૭ ને ગુરૂવારના રોજ સવારે ૯:૩૦ કલાકે "કારગીલ ચોક" લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ સુરત ખાતે શહીદોના મનમાં શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.



વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથઝોન (ઉધના) ના વી.બી.ડી.સી. વિભાગની કામગીરી

કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના મુજબ તા. ૨૬/૦૭/૦૭ ના રોજ આસી.આરોગ્ય અધિકારશ્રી અને આસી.જંતુનાશક અધિકારીશ્રી, સાઉથ ઝોનના માર્ગદર્શન હેઠળ સાઉથઝોન (ઉધના) ના વી.બી.ડી.સી. વિભાગમાં વી.બી.ડી.સી. વિભાગને લગતી કામગીરીની ઝુંબેશ કરવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા)ની કામગીરી

(૧) ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન :–
(૨) જાહેર રસ્તાઓ ઉપર બિલ્ડીંગ મટીરીયલ્સ ઉપાડવાનું તથા બિલ્ડીંગ મટીરીયલ્સનો ટુક તથા ટ્રકટરનુ દબાણ દુર કરવાની ઝુંબેશઃ–
(૩) વગર પરવાનગીએ ટેલીકોમ્યુનીકેશન ટાવર બાંધકામ કરનાર સામે દંડકીય કાર્યવાહી :–

વધુ માટે કલીક કરો >>>>>

## સુરત મહાનગર સેવા સદન દ્વારા અલુણા વ્રત નિમિત્તે થાળી (આરતી) શણગાર સ્પર્ધા



સુરત મહાનગર સેવા સદન દ્વારા અલુણા વ્રત નિમિત્તે તા.૨૭/૦૭/૦૭ના રોજ રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, કડીવાળા બુનકી પ્રસુતિગૃહની સામે, રૂસ્તમપુરા, સુરત ખાતે થાળી (આરતી) શણગાર સ્પર્ધા રાખવામાં આવી હતી. આ સ્પર્ધાની શરૂઆત સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા તથા મ્યુ.સભ્યોશ્રીઓની ઉપસ્થિતીમાં દીપ પ્રાગટય કરી સ્પર્ધાની શરૂઆત કરી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## રાંદેર ઝોનમાં મેડીકલ કેમ્પનું આયોજન

ગુજરાત રાજય ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના આદેશાનુસાર શહેરી વિસ્તારોમાં ચોમાસાની ઋતુ દરમ્યાન રોગચાળો ન ફેલાય અને જાહેર આરોગ્ય સુખાકારી જળવાય રહે તે માટે દર અઠવાડીયે એક મેડીકલ કેમ્પનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## કતારગામ ઝોન વિસ્તારમાં ફુડ અને આરોગ્ય વિભાગનો સપાટો. અસ્વચ્છ જણાયેલ બેકરી બંધ કરવામાં આવી.

તા. ૨૬/૦૭/૦૭ નાં રોજ સુરત મહાનગર સેવાસદનનાં ફુડ વિભાગ તથા નોર્થઝોનના આરોગ્ય વિભાગના સ્કવોડ કતારગામ ઝોનનાં સીંગણપોર ચાર રસ્તા સુધીના મેઈન રોડ વિગેરે વિસ્તારમાં ખાદ્યપદાર્થ વેચાણ કરતી સંસ્થાઓ, હોટલ રેસ્ટોરન્ટ, લારીઓ ચેકીંગ કરીને કસુરવારોને નોટીસ આપી દંડ કરી અને બિનઆરોગ્યપ્રદ જણાયા હોય તેવા ખાદ્ય પદાર્થનો નાશ કરાવ્યો છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવા સદન આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય અને જાહેર આરોગ્ય જળવાઈ રહે તે માટે ગરીબ/સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગર સેવાસદન દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ આજ તા.૨૯/૦૭/૦૭ ના રોજ કતારગામ શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે. સવારે ૦૯ : ૦૦ કલાકે રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષશ્રી ડો.જગદીશ પટેલના શુભ હસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.



વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવા સદન દ્વારા અલુણા વ્રત નિમિત્તે તા.૩૦/૦૭/૦૭ના રોજ ગોરમા ગીત સ્પર્ધા



સુરત મહાનગર સેવા સદન દ્વારા અલુણા વ્રત નિમિત્તે તા.૩૦/૦૭/૦૭ના રોજ ગોરમા ગીત સ્પર્ધા ચં.ચી.મહેતા નાટયગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતે યોજવામાં આવી હતી. ગોરમા ગીત સ્પર્ધાનો પ્રારંભ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા તથા મ્યુ.સદસ્યશ્રીઓએ દીપ પ્રાગટય કરી ગોરમા ગીત સ્પર્ધાની શરૂઆત કરી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવા સદન દ્વારા "પ્લાસ્ટીક ફ્રી સીટી" ઝુંબેશ

સુરત મહાનગર સેવા સદન દ્વારા "પ્લાસ્ટીક ફ્રી સીટી" ઝુંબેશ અંતર્ગત તા.૩૧/૦૭/૦૭ ના રોજ વરાછા ઝોન વિસ્તારમાં ૨૨ વેજીટેબલ માર્કેટમાં ૧૨૨૩ વેચનારાઓ, ૧૦૭૩ પાનના ગલ્લાઓ તથા ૨૬૨૫ જેટલી અન્ય સંસ્થાઓ મળી કુલ ૪૯૪૯ સંસ્થાઓનું ચેકીંગ કરી ૫૭૨ કિ.ગ્રા જેટલો પ્રતિબંધીત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે તેમજ રૂપિયા ૫૭,૯૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

# આકારણી અને વસૂલાત વિભાગ સાઉથ ઈસ્ટ ઝોન લિંબાયત

તા.૨૫/૦૭/૦૭ બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે વઘદગચબો પ્રોજેકટ હેઠળ સુરત મહાનગર સેવાસદન દ્વારા કેટલાક રીફોર્મ્સ કરવાના છે તે પૈકી સુરત શહેરના કરદાતાઓને મિલ્કતવેરા – શિક્ષણ ઉપકર બાબત માર્ગદર્શન અને શિક્ષણ આપવા અંગેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલું. આ કાર્યક્રમ હેઠળ આકારણી અને વેરા વસૂલાત અંગે નીચે જણાવેલ મુદ્દાઓની સ્પષ્ટતા તેમજ સમજ આપવામાં આવેલી.



(૧) જૂના વિસ્તાર/નવા વિસ્તારની અનુસુચિ (ગાઈડ લાઈન)ની જાણ.

(૨) ''પ્રથમ કરપાત્ર વ્યકિત'' કેવી રીતે નકિક કરવામાં આવે છે તેની જાણકારી.

(૩) આકારણી કેવી રીતે કરવામાં આવે છે તેની સંપૂર્ણ સમજ.

(૪) મહાનગર સેવાસદન કયા કયા પ્રકારના વેરા લે છે તેની જાણકારી આપવી, પ્રોપર્ટી ટેક્ષમાં કયા કયા વેરાનો સમાવેશ થાય છે તેની સમજ આપવી ટેક્ષની ગણતરી સહિત.

(૫) સમગ્ર બીલીંગ પ્રક્રિયા નોટીસ તેમજ ટાંચ વોરંટ હરાજીની એટલે કે વસૂલાતની સમજ.

(૬) રીબેટ–વળતરની જાણકારી.

(૭) વર્ષ ૨૦૦૮–૦૯ થી અમલમાં આવનાર એરીયા બેઈઝ પ્રોપર્ટી ટેક્ષ પધ્ધતિનો પ્રારંભિક ખ્યાલ.

સાઉથ ઈસ્ટ ઝોન (લીંબાયત) ખાતે આવેલ મીટીંગ હોલ અંદાજે ૨૦૦ થી વધુ કરદાતાઓ, મ્યુ.સભ્યશ્રી, હાજર રહેલા હતા. આ કાર્યક્રમમાં કાર્યપાલક ઈજનેરશ્રી એન.કે.પરમાર દ્વારા આમંત્રિતોનું સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા આપેલી. ત્યાર બાદ આકારણી અને વસૂલાત અધિકારીશ્રી દિપક શુકલ દ્વારા ઉપર જણાવેલ મુદ્દાઓ અંગે પાવર પોઈન્ટ સોફટવેરમાં તૈયાર કરેલ પ્રેઝન્ટેશન દ્વારા હાલની આકારણી પધ્ધતિ અને ૨૦૦૮–૦૯ થી અમલમાં આવનાર ક્ષેત્રફળ આધારીત મિલ્કતવેરા પધ્ધતિની સંપૂર્ણ સમજ અને માર્ગદર્શન આપેલ.

સદરહુ કાર્યક્રમમાં કરદાતાઓ તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળેલ અને તેઓને લગભગ ત્રણ કલાક સુધી સદરહુ કાર્યક્રમમાં ભાગ લઈ ઉપયોગી ચર્ચા તેમજ સૂચનો પણ કરેલા.

TOP

# અય મેરે પ્યારે વતન, અય મેરે બિછડે ચમન તુઝપે દિલ કુરબાં,................



સુરત મહાનગ સેવાસદન તરફથી કારગીલ વિજય દિન નિમિત્તે તા.૨૬ મી જુલાઈ, ૨૦૦૭ ને ગુરૂવારના રોજ સવારે ૯:૩૦ કલાકે ''કારગીલ ચોક'' લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ સુરત ખાતે શહીદોના મનમાં શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં મા.મેયરશ્રી ડો.કનુભાઈ માવાણી, મા.ડે.મેયર ડો.શ્રીમતી સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતીના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસકપક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈ, ડે.કમિશનરશ્રી (સ્પે.) પ્રદિપસિંહ ઝાલા, સાંસ્કૃતિક સમિતીના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા, મ્યુ.અધિકારીશ્રીઓ, જુદી જુદી સમિતીના અધ્યક્ષશ્રીઓ, સાંસ્કૃતિક સમિતીના સભ્યશ્રીઓ, મ્યુ. સભ્યોશ્રીઓ, પ્રજાજનો, શાળાઓના બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દેશભકિતગીતના સથવારે શહીદોના સ્મારકને શ્રધ્ધા સુમન રીંગ અર્પી તેમની મહામૂલી શહાદતને યાદ કરી હતી. તેમજ કારગીલના શહીદોને પુષ્પાજંલિ અર્પણ કરી હતી. તેમજ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ''શહીદ જવાન અમર રહો'' અને ''વંદેમાતરમ્'' ના નારાની વાતાવરણ ગુંજી ઉઠયું હતું.

TOP

# સાઉથઝોન (ઉધના) ના વી.બી.ડી.સી. વિભાગની કામગીરી

કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના મુજબ તા. ૨૬/૦૭/૦૭ ના રોજ આસી.આરોગ્ય અધિકારશ્રી અને આસી.જંતુનાશક અધિકારીશ્રી, સાઉથ ઝોનના માર્ગદર્શન  હેઠળ સાઉથઝોન (ઉધના) ના વી.બી.ડી.સી. વિભાગના તમામ યુનિટ વિસ્તારમાં વી.બી.ડી.સી. વિભાગને લગતી તમામ પ્રકારની કામગીરીની ઝુંબેશ કરવામાં આવેલ જેમાં વી.બી.ડી.સી. વિભાગના તમામ સ્ટાફે નીચેની વિગતે કામગીરી કરેલ છે.

| કુલ સર્વે ઘર | કુલ બ્રિડીંગ | કુલ સ્લાઈડ | કુલ નોટીસ | વહીવટી ખર્ચ | કુલ ઈસમો |
|---|---|---|---|---|---|
| 9305 | 84 | 531 | 18 | 27,750/- | 17 |

TOP

# પૂર્વઝોન (વરાછા)ની કામગીરી

(૧) ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન :–

પૂર્વઝોન વરાછા વિસ્તારમાં સુરત મહાનગર સેવાસદન તરફથી લાભેશ્વર રોડ પર ટી.પી.સ્કીમ નં.૩ (કરંજ) ના ફાયનલ પ્લોટ નં.૧૧૬ માં રસ્તા રેખાની અસરમાં આવેલી મિલ્કતો પૈકીનાં રસ્તા રેખાની અસર મુજબનાં બાંધકામો દુર કર્યા બાદ રહેતી મિલ્કતોના રીહેબીલીટેશન દરમ્યાન મિલ્કતદારો તરફથી જે તે મિલ્કતોમાં હેતુફેર કરી રહેણાંકના બદલે દુકાનો બનાવવાનુ શરૂ કરેલ બાંધકામ દુર કરવા તથા ચાલુ થયેલ દુકાનો બંધ કરાવવાના અભિયાનના ભાગરૂપે ટી.પી.સ્કીમ નં.૩ (કરંજ) ફા.પ્લોટ નં. ૧૧૬ પૈકી સ.પ્લોટ નં.૭૫માં મિલ્કતદારશ્રી યોગેશભાઈ કૃષ્ણકાંત પટેલ અને ગોપાલભાઈ મારવાડી દ્વારા રહેણાંકને બદલે હેતુફેર કરી ભોયતળિયે ૪ (ચાર) દુકાનો બનાવી ઉપયોગ ચાલુ કરવામાં આવેલ જેને અત્રેથી સીલ કરવામાં આવેલ છે. આજ મિલ્કતમાં પાછળના ભાગે ઘનશ્યાનગર તરફના આંતરિક રસ્તા તરફે દુકાન બનાવવાના હેતુથી ગ્રાઉન્ડ ફલોર પર પાર્ટીશન દિવાલોનું બાંધકામ દુર કરી આશરે ૧૦૦૦.૦૦ ચો.ફુટની જગ્યા પાર્કિંગના હેતુ માટે ખુલ્લી કરવામાં આવેલ છે. તથા ભરતનગરમાં એચ.ટી.લાઈન નીચે પ્રતિબંધિત વિસ્તારમાં થયેલા ગે.કા. બાંધકામના ડીમોલીશન બાદ ૪૦ ફુટના રસ્તાની અસરમાં ફરીથી તાણી બાંધેલ ૮' × ૪' થી ચણતરની દિવાલોની પાકી કેબીનનું ચાલુ બાંધકામ તોડી પાડવામાં આવેલ છે.

(૨) જાહેર રસ્તાઓ ઉપર બિલ્ડીંગ મટીરીયલ્સ ઉપાડવાનું તથા બિલ્ડીંગ મટીરીયલ્સનો ટુક તથા ટ્રકટર દ્વારા કરવામાં આવતુ દબાણ દુર કરવાની ઝુંબેશઃ–

જાહેર રસ્તાઓ ઉપર બાંધકામ કરનારા અને બિલ્ડર્સ તેમજ મકાન માલિક દ્વારા રસ્તાઓ પર બિલ્ડીંગ મટીરીયલ્સ સ્ટોક કરવામાં આવે છે. ચોમાસાની સીઝન હોવાથી બિલ્ડીંગસ મટીરીયલ્સના કારણે પાણીના પ્રવાહમાં અવરોધ થવાથી રસ્તાઓ ઉપર પાણી ભરાઈ રહે છે. તેમજ વરસાદી ગટરોમાં પાણીના પ્રવાહ સાથે રેતી વગેરે જવાથી ચોકઅપ થવાની શકયતા રહેલી છે.

આથી બિલ્ડીંગ મટીરીયલ્સ ઉપાડવા તેમજ આ અંગે કસુરવારને પેનલ્ટી/વહીવટી ચાર્જ વસૂલ કરવાની ઝુંબેશના ભાગરૂપે ટી.પી.સ્કીમ નં. ૫૩ (મગોબ–ડુંભાલ), ટી.પી.સ્કીમ નં.૩૪ (મગોબ–ડુંભાલા), સુરત બારડોલી રોડ, મગોબ થી પુણા ગામ તરફ જતા રસ્તા ઉપર, વરાછા મેઈન રોડ ઉપર તેમજ પુણા ગામતળ વિસ્તાર ઉપરથી બિલ્ડીંગ મટીરીયલ્સ ઉચકવામાં/દુર કરવામાં આવેલ છે. તેમજ આ પેટે તા.૨૫/૦૭/૦૭ ના રોજ – રૂા.૮૯,૯૦૦/– દંડ/વહીવટી ચાર્જ પેટે વસૂલ લેવામાં આવેલ છે.

(૩) વગર પરવાનગીએ ટેલીકોમ્યુનીકેશન ટાવર બાંધકામ કરનાર સામે દંડકીય કાર્યવાહી :–

પુણા વિસ્તારમાં આવેલ શીવનગર સોસા.સ. પ્લોટ નં.૭૪,૭૫,૭૬ ઉપર બાંધવામાં આવેલ જાનુબા વિદ્યાલયની ટેરેસ પર "હચ" કંપની દ્વારા ટેલીકોમ્યુનીકેશન ટાવર બાંધકામ શરૂ કરતા હોવાથી જાણ થતા વિદ્યાલયની અગાસીને સુરત મહાનગર સેવાસદનના સ્ટાફ દ્વારા સીલ મારી, ટાવર માટે આવેલ સામાન સહીતની ટેમ્પો પણ જપ્ત કરવામાં આવેલ હતો. મજકુર કંપનીના આ વગર પરવાગીના ટાવર બાંધકામ શરૂ કરવાના કૃત્ય બદલ "હચ" કંપની પાસેથી રૂા.૨૫૦૦૦/– નો દંડ વસૂલવામાં આવેલ છે. તેમજ કંપનીના અધિકૃત અધિકારીએ હવે પછી પૂર્વ મંજુરી વગર આ પ્રકારના ટેલીકોમ્યુનીકેશન ટાવર નહીં બાંધવાની લેખીત બાંહેધરી પણ લખી આપી છે.

TOP

# સુરત મહાનગર સેવા સદન દ્વારા અલુણા વ્રત નિમિત્તે થાળી (આરતી) શણગાર સ્પર્ધા



સુરત મહાનગર સેવા સદન દ્વારા અલુણા વ્રત નિમિત્તે તા.૨૭/૦૭/૦૭ના રોજ રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, કડીવાળા બુનકી પ્રસુતિગૃહની સામે, રૂસ્તમપુરા, સુરત ખાતે થાળી (આરતી) શણગાર સ્પર્ધા રાખવામાં આવી હતી. આ સ્પર્ધાની શરૂઆત સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા તથા મ્યુ.સભ્યોશ્રીઓની ઉપસ્થિતીમાં દીપ પ્રાગટય કરી સ્પર્ધાની શરૂઆત કરી હતી. આ સ્પર્ધા`માં કુલ ૩૦૦ સ્પર્ધકોએ અરજી કરી હતી. જે પૈકી ૨૭૪ સ્પર્ધકો હાજર રહ્યા હતા. આ સ્પર્ધાના વિજેતાઓને મા.ડે.મેયર ડો.સુષ્માબેન અગ્રવાલ, સાંસ્કૃતિક સમિતીના અધ્યાક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા, મ્યુ. સદસ્યશ્રીઓના હસ્તે ઈનામ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને પ્રતિકભેટ અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

| વિજેતાનો ક્રમ | | વિજેતાના નામ | |
|---|---|---|---|
| પ્રથમ વિજેતા | | હીરપરા જયશ્રી દિનેશ | |
| દ્વિતીય વિજેતા | | પટેલ ભાવિકા | |
| તૃતીય વિજેતા | | ઝવેરી ડિમ્પલ | |
| આશ્વાસન વિજેતા | | | |
| 1. | સોલંકી દિવ્યા અનિલભાઈ | 6. | ચેતના ઘોઘારી |
| 2. | પારેખ કિંજલ પ્રકાશ | 7 | સરૈયા મિલી આશિષ |
| 3. | પરમાર મનિષા ભીમાભાઈ | 8. | પારેકર ધર્મિષ્ઠા |
| 4. | સંઘવી નિધિ ચંદ્રકાન્ત | 9. | વ્યાસ પ્રિતી |
| 5. | પાટીલ પ્રિયંકા દિપકકુમાર | 10. | સાયરા લાકડાવાળા |

સ્પર્ધાના નિર્ણાયકો તરીકે શ્રી ગજેન્દ્ર બી.મજીઠીયા, શ્રીમતી અમીબેન જોષી, કુ.મિતુ માલુ શુભકરન, શ્રીમતી વર્ષાબેન શાહ તથા ડોલીબેને સેવા આપી હતી.

TOP

# રાંદેર ઝોનમાં મેડીકલ કેમ્પનું આયોજન

ગુજરાત રાજય ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના આદેશાનુસાર શહેરી વિસ્તારોમાં ચોમાસાની ઋતુ દરમ્યાન રોગચાળો ન ફેલાય અને જાહેર આરોગ્ય સુખાકારી જળવાય રહે તે માટે દર અઠવાડીયે એક મેડીકલ કેમ્પનું આયોજન કરવા જણાવવામાં આવેલ છે.

તદ્‌અનુસાર આજરોજ તા.૨૭/૦૭/૦૭ ના રોજ રાંદેર ઝોનમાં ઈકબાલનગર ઝુંપડપટ્ટી યુ.સી.ડી. કેન્દ્ર ખાતે નિદાન અને સારવાર મેડીકલ કેમ્પનું મે.કમિશનરશ્રીના સૂચના મુજબ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સ્થાનિક કોર્પોરેટર શ્રીમતી છાયાબેન પરમાર, ઝોનલ ચીફશ્રી એમ.ડી.દારૂવાલા, કાર્યપાલક ઈજનેર (ઈ.ચા.) શ્રી બી.કે.ગઠીયા, આસી. આરોગ્ય અધિકારી શ્રી ડો.એ.પી.ભટ્ટ તથા સ્થાનિક સામાજિક કાર્યકરો હાજર રહ્યા હતા.

આ કેમ્પમાં મેડીકલ ઓફીસરશ્રી ડો.શાંતીલાલ પટેલ તથા ડો.પી.કે.લાપસીવાલાએ સેવા આપી હતી. આ કેમ્પ દરમ્યાન મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનિયા જેવા વાહક જનિત રોગો વિશે ઝોનના વી.બી.ડી.સી. વિભાગના કર્મચારીઓએ જનતાને વિસ્તૃત સમજ આપેલ હતી અને કુલ ૪૩ લોહીના નમૂના લઈ સારવાર આપી હતી. ક્ષય રોગના નિદાન અને સારવાર માટે ચદતહ. ના કાર્યકરોએ માર્ગદર્શન પૂરૂ પાડયુ હતું. જાતિયરોગો વિશે .કજ પ્રોજેકટના કર્મચારીઓએ લોકોને વેળાસરનું  નિદાન અને સારવારની સમજ આપી હતી. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા કુટુંબ નિયોજનની પધ્ધતિઓ વિશે લોકોને માહિતગાર કરી  નિરોધ અને ગર્ભ નિરોધક ગોળીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. રસીકરણની કામગીરી હાથ ધરી ૧૫ લાભર્થીઓને પોલીયો, બીસીજી, ડી.પી.ટી. મિઝલ્સ અને ટી.ટી.ની રસીઓ આપવામાં આવી હતી. પાણીજન્ય રોગોથી બચવા માટે ૧૦૦૦ કલોરોનની ગોળીઓ અને ૩૩ ઓ.આર.એસ પેકેટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આખા કેમ્પ દરમ્યાન ઈકબાલનગર, સુલતાનીયા, અમલીપુરા, બોરવાડા વિસ્તારમાં ૧૨૭ દર્દીઓએ લાભ લીધો હતો.

TOP

## કતારગામ ઝોન વિસ્તારમાં ફુડ અને આરોગ્ય વિભાગનો સપાટો. અસ્વચ્છ જણાયેલ બેકરી બંધ કરવામાં આવી.

તા.૨૬/૦૭/૦૭નાં રોજ સુરત મહાનગર સેવાસદનનાં ફુડ વિભાગ તથા નોર્થઝોનના આરોગ્ય વિભાગના સ્કવોડ કતારગામ ઝોનનાં સીંગણપોર ચાર રસ્તા સુધીના મેઈન રોડ વિગેરે વિસ્તારમાં ખાદ્યપદાર્થ વેચાણ કરતી સંસ્થાઓ, હોટલ રેસ્ટોરન્ટ, લારીઓ ચેકીંગ કરીને કસુરવારોને નોટીસ આપી દંડ કરી અને બિનઆરોગ્યપ્રદ જણાયા હોય તેવા ખાદ્ય પદાર્થનો નાશ કરાવ્યો છે. જેની વિગત નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| 1. | સંસ્થા/લારી ગલ્લા ચેક કર્યા | : | 36 |
| 2. | ખામીઓ દુર કરવા નોટીસ આપી. ફુડ વિભાગ<br>આરોગ્ય વિભાગ | :<br>: | 14<br>22 |
| 3. | વસુલ કરવામાં આવેલ પરચુરણ વહીવટી ખર્ચ | : | Rs 4650/- |
| 4. | કુલ ઈસમો | : | 18 |
| 5. | નાશ કરવામાં આવેલ બિન આરોગ્ય પ્રદ ખાદ્ય પદાર્થ<br>પાણી પુરીનું પાણી<br>પાઉભાજીના મસાલો<br>તેલ | <br>:<br>:<br>: | <br>50 લીટર પાણી<br>02 કિ.ગ્રા<br>07 કિ.ગ્રા |
| 6. | પ્રતિબંધિત પ્લાસ્ટીક થેલીઓ જપ્ત કરી | : | 05 કિ.ગ્રા |
| 7. | સ્ટીલની ડીસ જપ્ત કરી | : | 25 નંગ |

આ ઉપરાંત વેડ દરવાજા ખાતે આવેલ ''શાલીમાર બેકરી'' નામની પાઉં બિસ્કીટ બનાવતી બેકરી ભઠ્ઠીની મિલ્કતમાં સ્વચ્છતાનો અભાવ જણાણતાં તાત્કાલિત બંધ કરવામાં આવેલ છે.

TOP

# સુરત મહાનગર સેવા સદન આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય અને જાહેર આરોગ્ય જળવાઈ રહે તે માટે ગરીબ/સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગર સેવાસદન દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ આજ તા.૨૯/૦૭/૦૭ ના રોજ કતારગામ શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે. સવારે ૦૯ : ૦૦ કલાકે રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષશ્રી ડો.જગદીશ પટેલના શુભ હસ્તે દીપ પ્રાગટય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.



આ પ્રસંગે કતારગામ ઝોનના મ્યુ.સદસ્યશ્રી વિનોદ મોરડિયા, શ્રી યશોધર દેસાઈ, મ્યુ.કમિશ્નરશ્રી એસ.અપર્ણા, ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) ડો.આઈ.સી.પટેલ, કતારગામ ઝોનના ઝોનલ ચીફશ્રી સી.જે.ગામીત, આરોગ્ય અધિકારીશ્રી ડો.હેમંત દેસાઈ, નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.એ.શ્રોફ, ડો.વી.વી પરમાર, આઈ.એમ.એ.ના ઓપ્થેલ્મોલોજીસ્ટ ડો.પી.પી. મિસ્ત્રી, ઈ.ચા. જંતુનાશક અધિકારી ડો.વૈષ્ણવ, કતારગામ/વેડ તથા સીંગણપોર શહેરી આરોગ્ય કેન્દ્રનાં મેડીકલ ઓફિસરો, મસ્કતી હોસ્પિટલના મેડીકલ ઓફિસર ડો. પાંડવ અને પેરામેડીકલ સ્ટાફ તથા કર્મચારીઓ હાજર રહ્યા હતા.

આરોગ્ય અધિકારીશ્રી ડો.હેમંત દેસાઈએ પ્રાસંગિક પ્રવચનમાં કાર્યક્રમ સબંધી જાણકારી આપી હતી તથા આરોગ્ય નિદાન કેમ્પનો તથા આરોગ્યલક્ષી પ્રદર્શનનો આ વિસ્તારના નાગરિકોને બહોળા પ્રમાણમાં લાભ લેવા અનુરોધ કર્યો હતો. મ્યુ.કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણાએ કાર્યક્રમ સબંધી સુચનો તથા માર્ગદર્શન આપવામાં આવેલ.



મેડીકલ કેમ્પનો કતારગામ અને તેની આસપાસ વિસ્તારના કુલ–૫૨૦ લાભાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાંત દ્વારા –૧૪૬, ચામડીના નિષ્ણાંત દ્વારા–૧૪૫ સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા–૨૦, બાળરોગ નિષ્ણાંત દ્વારા–૩૩, ફિઝીશ્યન દ્વારા –૧૧૭ અને સર્જન દ્વારા –૨૧ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ૧૦૬ ઓ.આર.એસ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતું. ૭૦ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ, નવી સિવિલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

આ મેડીકલ કેમ્પના સ્થળે વેકશીનેશન વિભાગ, વાહકજનિત રોગ નિયંત્રણ, કુટુંબ કલ્યાણ, પી.એસ.એચ તથા આર.એન.ટી.સી.પી. વિભાગ દ્વારા પાણીજન્ય પાણી સંલગ્ન, એઈઝડ, ટી.બી., મેલેરીયા વિગેરે રોગ વિષેના પોષ્ટરો, બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તેમજ પોતાના વિભાગ વિષે જાણકારી આપી ૧૦,૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતુ. વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ – ૮૦૦, ગર્ભ નિરોધક ૪ પેકેટનું વિતરણ કરી કોપર ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી તથા ૭૦ આર્યન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવી હતી તથા ૧૦૦૦ કલોરીન ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રચાર એકમ મારફતે ઓડીયો વિઝયુઅલ દ્વારા આરોગ્યલક્ષી જાણકારી આપવામાં આવી હતી.

આ ઉપરાંત નીચે જણાવેલ ઝોન/વિસ્તારમાં જે તે શહેરી આરોગ્ય કેન્દ્ર મારફતે સપ્તાહ દરમ્યાન વિના મુલ્યે નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું તથા કુલ – ૧૨૨૫ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. (૧) સેન્ટ્રલ – ખાનસાહેબનું ભાઠુ, ઘાસ્તીપુરા (૨) વરાછા, શ્રીરામ નગર, કાપોદ્રા (૩) વરાછા (પુણા), લક્ષ્મીનગર, પુણાગામ (૪) રાંદેર – ઈકબાલનગર, રાંદેર (૫) ઉધના – કૃષ્ણનગર, રામજીમંદીર પાસે, પાંડેસરા (૬) લિંબાયત – મીઠીખાડી, ઈસ્લામી ચોક, આંગણવાડી (૭) અઠવા – ગુજરાત ગ્રામ્ય ગૃહનિર્માણ બોર્ડ, રૂંઢ, મગદલ્લા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ. કમિશ્નરશ્રી કુ. એસ.અપર્ણાના આદેશનુસાર ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિ) ડો.આસ.સી.પટેલ ના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી શ્રી ડો.હેમત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

TOP

# સુરત મહાનગર સેવા સદન દ્વારા અલુણા વ્રત નિમિત્તે તા.૩૦/૦૭/૦૭ના રોજ ગોરમા ગીત સ્પર્ધા




સુરત મહાનગર સેવા સદન દ્વારા અલુણા વ્રત નિમિત્તે તા.૩૦/૦૭/૦૭ના રોજ ગોરમા ગીત સ્પર્ધા ચં.ચી.મહેતા નાટયગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતે યોજવામાં આવી હતી. ગોરમા ગીત સ્પર્ધાનો પ્રારંભ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા તથા મ્યુ.સદસ્યશ્રીઓએ દીપ પ્રાગટય કરી ગોરમા ગીત સ્પર્ધાની શરૂઆત કરી હતી. આ સ્પર્ધામાં ન.પ્રા.શાળાઓ તથા ખાનગી પ્રાથમિક શાળાઓ મળી કુલ ૬૮ શાળાઓની કન્યાઓએ ભાગ લઈ ગોરમાના ગીતોની સંદર રજુઆત કરી હતી. સ્પર્ધાના વિજેતાઓને મા.મેયર ડો.કનુભાઈ માવાણી, ડે.મેયર ડો.સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા તથા મ્યુ.સદસ્યશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને પ્રતિક ભેટ અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

| વિજેતાનો ક્રમ | | શાળાનું નામ | |
|---|---|---|---|
| પ્રથમ વિજેતા | | શ્રી ડી.એન્ડ પી.એ.શાહ વિદ્યાલય | |
| દ્વિતીય વિજેતા | | કે.એસ.જોશી ઈંગ્લીશ મીડીયમ ગર્લ્સ હાઈસ્કુલ | |
| તૃતીય વિજેતા | | પી.બી.દેસાઈ પ્રાઈમરી સ્કૂલ | |
| **આશ્વાસન વિજેતાઓ** | | | |
| 1. | શારદાયતન ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ | 5. | શ્રીમતી એલ.પી.સવાણી વિદ્યાભવન |
| 2. | વી.એન.ગોધાણી કન્યા વિદ્યાલય | 6. | નગર પ્રાથમિક શાળા ક્રમાંક – ૮૬ |
| 3. | શ્રી.સી.જી.એસ.એમ.વી.એમ.પ્રાયમરી ગર્લ્સ સ્કૂલ | 7. | નગર પ્રાથમિક શાળા ક્રમાંક – ૩૨ |
| 4. | અર્ચના વિદ્યા સંકુલ | | |

સપર્ધાના નિર્ણાયક તરીકે સર્વશ્રી રૂચિબેન ઠાકર, હિરણ્યબેન શુકલ, શ્રીમતી માયાબેન દેસાઈએ સેવા આપી હતી.

TOP

# સુરત મહાનગર સેવા સદન દ્વારા "પ્લાસ્ટીક ફ્રી સીટી" ઝુંબેશ

સુરત મહાનગર સેવા સદન દ્વારા "પ્લાસ્ટીક ફ્રી સીટી" ઝુંબેશ અંતર્ગત તા.૩૧/૦૭/૦૭ ના રોજ વરાછા ઝોન વિસ્તારમાં ૩ ટીમ, ૬૧ સુપરવાઈઝરી સ્ટાફ તથા ૮૦ બેલદારો દ્વારા ૨૨ વેજીટેબલ માર્કેટમાં ૧૨૨૩ વેચનારાઓ, ૧૦૭૩ પાનના ગલ્લાઓ તથા ૨૬૨૫ જેટલી અન્ય સંસ્થાઓ મળી કુલ ૪૯૪૯ સંસ્થાઓનું ચેકીંગ કરી ૫૭૨ કિ.ગ્રા જેટલો પ્રતિબંધીત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે તેમજ રૂપિયા ૫૭,૯૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરેલ છે.

અઠવા ઝોન વિસ્તારમાં ૨૨ ટીમ, ૬૪ સુપરવાઈઝરી સ્ટાફ તથા ૪૦ બેલદારો દ્વારા ૩ વેજીટેબલ માર્કેટમાં ૧૨૦ વેચનારાઓ, ૪૦ પાનના ગલ્લાઓ તથા ૩૦૦૨ જેટલી અન્ય સંસ્થાઓ મળી કુલ ૩૧૬૨ સંસ્થાઓનું ચેકીંગ કરી ૧૩૦ કિ.ગ્રા જેટલો પ્રતિબંધિત જથ્થો જપ્ત કરવામાં આવેલ છે તથા ૨૮,૦૦૦ રૂપિયા ખર્ચ કરેલ છે.

રાંદેર ઝોન વિસ્તારમાં ૯ ટીમ, ૩૦ સુપરવાઈઝરી સ્ટાફ તથા ૬૨ બેલદારો દ્વારા ૧૩ વેજીટેબલ માર્કેટમાં ૯૯૮ વેચનારાઓ, ૫ હોલસેલર વેપારીઓ તથા ૪૨૦૦ જેટલી અન્ય સંસ્થાઓ મળી કુલ ૫૨૦૩ સંસ્થાઓનું ચેકીંગ કરી ૫૪ કિ.ગ્રા જેટલો પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે તેમજ રૂપિયા ૫,૧૫૦ વહીવટી ખર્ચ વસુલ કરેલ છે.

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ૪ ટીમ, ૪૦ સુપરવાઈઝરી સ્ટાફ તથા ૩૦ બેલદારો દ્વારા ૧૧ વેજીટેબલ માર્કેટમાં ૧૧૨૮ વેચનારાઓ, ૭ હોલસેલર સંસ્થા તથા અન્ય ૩૫૦ જેટલી અન્ય સંસ્થાઓ મળી કુલ ૧૪૮૫ સંસ્થાઓનું ચેકીંગ કરી ૨૦૧ કિ.ગ્રા જેટલો પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે તેમજ ૨૬,૧૫૦ રૂપિયા વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ ઝોન વિસ્તારમાં ૪ ટીમ, ૬૦ સુપરવાઈઝરી સ્ટાફ તથા ૪૦ બેલદારો દ્વારા ૨ વેજીટેબલ માર્કેટમાં ૩૦૨ વેચનારનઓ, ૫ હોલસેલર સંસ્થા તથા ૯૨૭ જેટલી અન્ય સંસ્થાઓ મળી કુલ ૧૨૩૪ સંસ્થાઓનું ચેકીંગ કરી ૨૫૯ કિ.ગ્રા જેટલો પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે તેમજ રૂપિયા ૨૩,૫૫૦ રૂપિયા વહીવટી ખર્ચ વસુલ કરેલ છે.

લીંબાયત ઝોન વિસ્તારમાં ૨ ટીમ, ૬૮ સુપરવાઈઝરી સ્ટાફ તથા ૨૪ બેલદારો દ્વારા ૧૦ વેજીટેબલ માર્કેટમાં ૬૯૧ વેચનારનઓ, ૧૮૦ પાનના ગલ્લાઓ તથા ૬૮૦૪ સંસ્થાઓ મળી કુલ ૭૬૭૫ સંસ્થાઓનું ચેકીંગ કરી ૩૬ કિ.ગ્રા જેટલો પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે તથા ૧૪,૩૨૦ રૂપિયા વહીવટી ખર્ચ વસુલ કરેલ છે.

ઉધના ઝોન વિસ્તારમાં ૪ ટીમ, ૮૦ સુપરવાઈઝરી સ્ટાફ તથા ૧૭૩ બેલદારો દ્વારા ૧૫ વેજીટેબલ માર્કેટમાં ૫૨૭ વેચનારનઓ, ૧૨૧ પાનના ગલ્લાઓ, ૧૦ હોલસેલર સંસ્થા તથા અન્ય ૩૮૦૪ સંસ્થાઓ મળી કુલ ૪૪૬૨ સંસ્થાઓનું ચેકીંગ કરી ૧૬૩ કિ.ગ્રા જેટલો પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે તથા ૨૪,૮૫૦ રૂપિયા વહીવટી ખર્ચ વસુલ કરેલ છે.

કુલ ૪૮ ટીમ, ૪૦૩ સુપરવાઈઝરી સ્ટાફ તથા ૪૪૯ બેલદારો દ્વારા કુલ ૨૮૧૭૦ સંસ્થાઓનું ચેકીંગ કરી ૧૪૧૫ કિ.ગ્રા જેટલો પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે તથા રૂપિયા ૧,૭૯,૯૨૦ વહીવટી ખર્ચ વસુલ કરેલ છે.

તા.૩૧/૦૭/૦૭ ના રોજ સાંજના સમયે પણ ઝુંબેશ ચાલુ રાખવામાં આવનાર છે.

TOP